ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0

# ગાંધીનગરમાં ક્યા પક્ષમાં કોણ-કોણ તૈયારીઓ કરે છે..!

## ગાંધીનગરમાં ચૂંટણી જંગ રસાકસીભર્યો બનશે : ભાજપ-કોંગ્રેસ-આપમાં સંભવિત ઉમેદવારો આજ-કાલ ભારે દોડધામમાં છે



ગાંધીનગર, તા. ૧૫

ચૂંટણીના નગારા જોરશોરથી વાગી રહ્યા છે. એકાદ અઠવાડિયામાં તારીખોની સત્તાવાર જાહેરાત થઈ રહી છે ત્યારે સંભવિત ઉમેદવારો અંગે ચોરે ને ચૌટે ચર્ચાઓ ચાલે છે. વિશેષ કરીને ગાંધીનગર શહેરમાં એટલે કે ગાંધીનગર ઉત્તરની બેઠક પર કોણ કોણ ઉમેદવાર મેદાનમાં છે તેની ચર્ચાઓએ જોર પકડ્યુ છે.

ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીનો ત્રિકોણીય જંગ નિશ્ચિત છે. ત્રણેયમાંથી કોઈએ પણ પોતાના પાના ખોલ્યા નથી. જ્ઞાતિ સમીકરણો મંડાઈ રહ્યા છે. કયો પક્ષ કઈ જ્ઞાતિના ઉમેદવારને ટીકીટ આપે છે એના પર જીતની ગણતરીઓ ચાલી રહી છે. હાલ તો પટેલ, ક્ષત્રિય અને બ્રાહ્મણ સમાજના પ્રતિનિધિઓના નામો ત્રણેય પક્ષમાંથી ઉછાળાઈ રહ્યા છે. આજથી તેર મહિના પહેલા મહાનગરપાલિકાની ચૂંટણીને આધાર પણ ચર્ચામાં લેવાઈ રહ્યો છે અને ત્યારબાદ બદલાયેલી પરિસ્થિતિ કેવા સમીકરણો બદલી શકે છે એ પણ મહત્વની ચર્ચા છે. પણ સૌથી વધુ મહત્વની વાત સોશીયલ એન્જીનિયરીંગના નામે જ્ઞાતિ, સમાજ સાથેની તડજોડ છે. આ પરિમાણોના આધારે ત્રણેય પક્ષના ઉમેદવારોની પસંદગી થશે એ નિશ્ચિત છે.

ભારતીય જનતા પક્ષ કે જે સત્યાવીસ વર્ષથી ગુજરાતમાં સત્તાની બાગડોર સંભાળે છે એથી સ્વાભાવિક રીતે સંભવિત ઉમેદવારોની લાઈન તેમાં લાંબી છે. ભાજપમાં મુખ્ય દાવેદારોમાં પૂર્વ મેયર રીટાબેન પટેલ, મહાનગર ભાજપના પ્રમુખ રૂચિર ભટ્ટ, મધુર ડેરીના ચેરમેન શંકરસિંહ રાણા, પૂર્વ ધારાસભ્ય અશોકભાઈ પટેલ અને પૂર્વ પ્રમુખ નીતિનભાઈ પટેલના નામો વહેતા થયા છે. આ ઉપરાંત ગુડાના પૂર્વ ચેરમેન આશિષભાઈ દવે, પ્રથમ મેયર મહેન્દ્રસિંહ રાણા, મનપાના પૂર્વ ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડા, યુવા અગ્રણી કેતન પટેલ, પૂર્વ કોર્પોરેટર પ્રણવ પટેલ, પૂર્વ મેયર પ્રવિણ પટેલ અને વર્તમાન કોર્પોરેટર મહેન્દ્ર દાસના નામો પણ ચર્ચામાં છે. પરંતુ હંમેશા કાર્યકરો અને પ્રજાને સરપ્રાઈઝ આપવામાં પ્રધાનમંત્રી અને ગૃહમંત્રીની ફાવટ છે એટલે નવા જ ચહેરાઓ મેદાનમાં આવે તેવી સંભાવનાઓ પણ બળવત્તર છે. બીન વિવાદાસ્પદ અને જૂથબંધીથી પર એવા નવા ચહેરાઓ પણ સચિવાલયના પૂર્વ કર્મચારી નેતા ભવાનસિંહ પરમાર અને કડી સર્વ વિશ્વ વિદ્યાલયના ચેરમેન વલ્લભભાઈ પટેલના નામો પણ ગંભીરતાપૂર્વક ચર્ચાય છે. આમ છતાં ભાજપ તો છેલ્લી ઘડીએ પોતાનો ઉમેદવાર જાહેર કરશે તે બિનવિવાદ છે. પ્રતિસ્પર્ધી પક્ષના ઉમેદવારોની જ્ઞાતિ અને તેની ક્ષમતાને ધ્યાનમાં રાખી ભાજપ તેનો ઉમેદવાર મેદાનમાં ઉતારશે.

> **ભાજપના સંભવિત ઉમેદવારોમાં રીટાબેન પટેલ, રૂચિર ભટ્ટ, શંકરસિંહ રાણા, અશોકભાઈ પટેલ અને નિતિન પટેલ મુખ્ય છે જ્યારે કોંગ્રેસમાં નિશીત વ્યાસ અને અજીતસિંહ વાઘેલા તથા આમ આદમી પાર્ટીમાં મુકેશ પટેલ, સૂર્યસિંહ ડાભી, રીના રાવલ અને રણજીતસિંહ વાઘેલા મોખરે છે**

કોંગ્રેસ પક્ષ જેનુ આ બેઠક પર વર્ષો સુધી વર્ચસ્વ રહ્યુ છે એટલુ જ નહી ૨૦૧૭માં એટલે કે ગઈ ચૂંટણીમાં પણ કોંગ્રેસના ડૉ. સી.જે. ચાવડા રસાકસીભર્યો જંગ જીતી ગયા હતા. જોકે ત્યારબાદ સાબરમતીમાં ઘણા પાણી વહી ગયા છે. સ્થાનિક કાર્યકરો પક્ષથી વિમુખ થઈ ગયા છે. નિરાશાનું મોજુ પણ એક તબક્કે પ્રસર્યુ હતુ અને ડૉ. સી.જે. ચાવડાએ ગાંધીનગર ઉત્તરથી ચૂંટણી નહી લડવાનું એલાન કરી ચૂક્યા હોઈ તેઓ હિંમતનગર કે વીજાપુરથી ચૂંટણી લડે તેવી શક્યતાઓ છે. કોંગ્રેસનો મોટો મતદાર વર્ગ આ વિસ્તારમાં હોવાથી દાવેદારોની સંખ્યા પણ નોંધપાત્ર છે, પરંતુ અત્યારે મુખ્ય દાવેદારોમાં પ્રદેશ કોંગ્રેસના ઉપપ્રમુખ અને શહેરના અગ્રણી વેપારી નિશિતભાઈ વ્યાસ તથા કોંગ્રેસના ભાવનગરના નીરીક્ષક અને ક્ષત્રિય સમાજના અગ્રણી વિરેન્દ્રસિંહ વાઘેલા ઉર્ફે અજીતસિંહ 'વાસણ'નું નામ ચર્ચામાં છે. આ ઉપરાંત જીતુભાઈ રાયકા, અંકિત બારોટ જેવા યુવાનો પણ ચર્ચામાં ચાલી રહ્યા છે. મહાનગરપાલિકામાં પહેલી જ વખત નસીબ અજમાવનાર આમ આદમી પાર્ટીએ ૨૨ ટકા મત મેળવતા તેમનો જોમ જુસ્સો વધ્યો છે. રાજ્યભરમાં આમ આદમી પાર્ટીની સભાઓ અને પ્રચાર અભિયાનના કારણે ગાંધીનગરમાં દાવેદારોની સંખ્યા વધતી જાય છે. જો કે મુખ્ય દાવેદારોમાં લોકસભા ઈન્ચાર્જ અને પૂર્વ જીલ્લા પ્રમુખ મુકેશભાઈ પટેલ, પ્રદેશ ઉપપ્રમુખ રીનાબેન રાવલ, જિલ્લા કોંગ્રેસના પૂર્વ પ્રમુખ સૂર્યસિંહ ડાભી અને પેથાપુર નગરપાલિકાના પૂર્વ પ્રમુખ રણજીતસિંહ વાઘેલાના નામો જોરશોરથી ચાલી રહ્યા છે. આ સિવાય યુવા કાર્યકરો મહિપત ગઢવી, વિરેન્દ્રસિંહ અને હાર્દિક તલાટી જેવા નામો ક્યાંક ક્યાંક ચર્ચાય છે. આમ ત્રણેય પક્ષોમાં ઉમેદવારોની ચર્ચા ગરમાગરમ રીતે ચાલી રહી છે. જો અને તો ના સમીકરણો મંડાઈ રહ્યા છે. ક્ષત્રિય, પટેલ અને બ્રાહ્મણ સમાજના જ્ઞાતિ સમીકરણો, ઉમેદવારોના વર્ચસ્વ પણ છૂટથી ચર્ચાઈ રહ્યા છે. કયો પક્ષ, કયા જ્ઞાતિ સમાજના ઉમેદવારને પસંદ કરે છે તેના પર પ્રતિસ્પર્ધી ઉમેદવારોના નામોનો આધાર છે. મળતી માહિતી મુજબ આમ આદમી પાર્ટી અને કોંગ્રેસના ઉમેદવારોના નામો દસેક દિવસમાં જાહેર થશે જ્યારે ભાજપના નામો અંતમ દિવસની પૂર્વ સંધ્યાએ જાહેર કરાશે. અત્યારે તો તમામ ઉમેદવારો પોત પોતાના ગોડ ફાધરોને મળી રહ્યા છે અને વ્યૂહરચના ગોઠવી રહ્યા છે. આગામી દિવસોમાં ચિત્ર સ્પષ્ટ થશે.



# સ્ટાફ ટ્રેનિંગ કોલેજની હોસ્ટેલના ૩૦ રૂમનું રિનોવેશન કરાશે

ગાંધીનગર, તા.૧૫

સ્ટાફ ટ્રેનિંગ કોલેજમાં હોસ્ટેલ બ્લોકના રીનોવવેશન અન્વયે ૩૦ રૂમને વાતાનુકૂલિત કરવામાં આવશે જયારે સંકૂલમાં આવેલા વિવિધલક્ષી હોલને તોડી પાડીને નવો બનાવવો કે તેનું રીનોવેશન કરવું તે અંગે હજુ કોઈ નિર્ણય લેવાયો નથી એસટીસી સંકૂલમાં પાર્કિંગ, લેન્ડ સ્કેપિંગ, ગાર્ડન નવેસરથી ડિઝાઈન કરાશે અને હોલ માટે પાછળના ભાગથી પ્રવેશ આપી શકાય તેવી વ્યવસ્થા કરવામાં આવશે સરકારી અધિકારી, કર્મચારીઓને તાલીમ આપવા સંબંધેના આયોજન ગાંધીનગરમાં થઈ શકે તેના માટે સેક્ટર ૧૭માં ચ ૫ સર્કલ નજીક સ્ટાફ ટ્રેનિંગ કોલેજનું બાંધકામ ત્રણ દાયકા પહેલા હોસ્ટેલ અને વિવિધલક્ષી હોલની સુવિધા સાથે કરવામાં આવ્યુ હતું. જ્યાં તાલીમાર્થીઓ માટે રહેવા અને જમવા સાથેની સુવિધા આપવામાં આવે છે અને રાજ્યભરમાંથી અધિકારી, કર્મચારીઓ માટે અહીં ટ્રેનિંગ સેશન ગોઠવાતા રહે છે. સમય વિતવાની સાથે સુવિધાઓ હાલની જરૂરતને અનુરૂપ નહીં રહેવાની સાથે એસટીસીમાં હોસ્ટેલની ઈમારતમાં રૂમ્સ જર્જરિત સ્થિતિમાં આવવાથી તેના સમારકામ માટે થયેલી રજૂઆતના પગલે પાટનગર યોજના વિભાગ દ્વારા વિશેષ કાર્યયોજના તૈયાર કરવામાં આવી છે. તેના અંતર્ગત હોસ્ટેલના તમામ રૂમમાં હવે પ્લાસ્ટરથી લઈને ફ્લોરિંગ અને બારી દરવાજા બદલવાની સાથે એસીની સુવિધા પણ આપવામાં આવશે.સંકૂલના હોલમાં સંસ્થાકીય અને રાજકીય સહિત સમારંભનું આયોજન કરવામાં આવે છે . ત્યારે હોલનું સમારકામ પણ અનિવાર્ય છે. પરંતુ હોલને તોડી પાડીને નવેસરથી બનાવવો કે સમારકામ કરીને મજબુતીકરણ કરવા સાથે ખૂટતી સુવિધાઓ ઉભી કરવી તે અંગે હવે નિર્ણય લેવાશે

# મનપાના કર્મચારીઓને દિવાળી ભેટ : આઉટ સોર્સિંગ કર્મચારીઓના પગારમાં ધરખમ વધારો

## સ્ટેન્ડિંગ સમિતિની બેઠકમાં રૂપિયા ચાર હજારથી નવ હજારના પગાર વધારાને બહાલી : કર્મચારીઓએ પદાધિકારીઓનું મો મીઠું કરાવ્યું

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર મહાપાલિકા દ્વારા દિવાળી પહેલા મોટો નિર્ણય કરવામાં આવ્યો છે. મહાનગરપાલિકામાં આઉટસોર્સિંગથી નોકરી કરતા કર્મચારીઓના પગારમાં ઐતિહાસિક વધારો કરવામાં આવ્યો છે. પ્રથમ વખત આઉટસોર્સિંગના કર્મચારીઓના પગારમાં ૪૦૦૦થી ૯૦૦૦ રૂપિયા સુધીનો વધારો કરવામાં આવ્યો છે. જેથી કર્મચારીઓમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. ગાંધીનગરના મેયરશ્રી હિતેષભાઈ મકવાણા, ડે. મેયરશ્રી પ્રેમલસિંહ ગોલ તેમજ સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનશ્રી જશવંતભાઈ પટેલની મજબૂત ઈચ્છા શક્તિના કારણે મહાનગરપાલિકાના આઉટસોર્સિંગ કર્મચારીઓને મોટી ભેટ મળી છે. આ પગાર વધારાનો લાભ કુલ ૪૯૨ કર્મચારીઓને મળશે. આ વધારાથી મહાનગરપાલિકાને મહિને ૨૦ લાખ રૂપિયાનું ભારણ વધશે. સ્ટેન્ડિંગ સમિતિ દ્વારા પગાર વધારાના પ્રસ્તાવને બહાલી આપવામાં આવી છે. જે મુજબ આઉટસોર્સિંગના કર્મચારીઓને પગારમાં નીચે મુજબનો ફેરફાર થશે. મહાનગરપાલિકાના પદાધિકારીઓ અને કાઉન્સિલરોનો કર્મચારીઓએ આભાર વ્યક્ત કર્યો હતો. મેયર હિતેશ મકવાણા, ડે.મેયર પ્રેમલસિંહ ગોલ અને સ્ટે.કમિટિના ચેરમેન જશુભાઈ પટેલના સકારાત્મક અભિગમને કર્મચારીઓએ બિરદાવ્યો હતો.

### નવો પગાર વધારો

| ક્રમ | જગ્યા | જુનો પગાર | નવો પગાર | ક્રમ | જગ્યા | જુનો પગાર | નવો પગાર |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ટાઉન પ્લાનર | ૩૫૦૦૦ | ૩૫૦૦૦ | ૧૫ | ક્લાર્ક કમ કો. ઓપરેટર | ૧૨૮૩૨ | ૧૯૯૫૦ |
| ૨ | આસી. એન્જિનિયર | ૨૧૦૦૦ | ૩૧૩૪૦ | ૧૬ | ટેલિફોન ઓપરેટર | ૧૨૮૩૨ | ૧૯૯૫૦ |
| ૩ | ટેકનિકલ આસિસ્ટન્ટ | ૧૭૦૦૦ | ૨૧૦૦૦ | ૧૭ | ઈલેક્ટ્રિશિયન | ૧૨૮૩૨ | ૨૧૦૦૦ |
| ૪ | ટેક્સ ઈન્સ્પેક્ટર | ૨૦૦૦૦ | ૩૧૩૪૦ | ૧૮ | ડ્રાઈવર | ૧૨૮૩૨ | ૧૯૯૫૦ |
| ૫ | એડિ.આસી. એન્જિનિયર | ૨૦૦૦૦ | ૩૧૩૪૦ | ૧૯ | ઓફિસર ડ્રાઈવર | ૧૨૮૩૨ | ૧૯૯૫૦ |
| ૬ | જેસીબી / લોડર ઓપરેટર | ૧૬૦૦૦ | ૧૯૯૫૦ | ૨૦ | ફાયરમેન | ૧૨૫૨૫ | ૧૬૨૨૪ |
| ૭ | એક્ઝાવેટર ઓપ. | ૧૮૦૦૦ | ૧૯૯૫૦ | ૨૧ | હેલ્પર | ૧૨૫૨૫ | ૧૬૨૨૪ |
| ૮ | હેડ ક્લાર્ક | ૨૦૦૦૦ | ૨૫૦૦૦ | ૨૨ | મુકાદમ | ૧૨૨૫૨ | ૧૬૨૨૪ |
| ૯ | સેનેટરી સબ ઈન્સ્પેક્ટર | ૧૮૫૦૦ | ૨૩૦૦૦ | ૨૩ | માળી અને લેબર | ૧૨૨૫૨ | ૧૬૨૨૪ |
| ૧૦ | પ્લાનીંગ આસિસ્ટન્ટ | ૨૦૦૦૦ | ૩૧૩૪૦ | ૨૪ | પટાવાળા | ૧૨૨૫૨ | ૧૬૨૨૪ |
| ૧૧ | આસી. હાર્ડવેર અને નેટવર્ક એન્જિનિયર | ૧૮૫૦૦ | ૨૩૦૦૦ | ૨૫ | આયા-સ્વીપર | ૧૨૪૩૬ | ૧૬૨૨૪ |
| | | | | ૨૬ | આયા | ૧૨૪૩૬ | ૧૬૨૨૪ |
| ૧૨ | સબ અકાઉન્ટન્ટ | ૧૮૫૦૦ | ૨૩૦૦૦ | ૨૭ | ચોકીદાર-માળી(મુક્તિધામ) | ૧૨૨૫૨ | ૧૬૨૨૪ |
| ૧૩ | સિનિયર ક્લાર્ક | ૧૭૦૦૦ | ૨૧૦૦૦ | ૨૮ | સ્વીપર-(મુક્તિધામ) | ૧૨૪૩૬ | ૧૬૨૨૪ |
| ૧૪ | સર્વેયર | ૧૭૦૦૦ | ૨૧૦૦૦ | ૨૯ | ડ્રાઈવર-(મુક્તિધામ) | ૧૨૮૩૨ | ૧૯૯૫૦ |

# ચાંદખેડાની ખાનગી સ્કૂલના વિદ્યાર્થી પાસેથી ડ્રગ્સની પડીકી પકડાઈ

## જિલ્લા શિક્ષણ તંત્રએ તપાસ કરતાં ૧૨ હજારની રોકડ મળી

ગાંધીનગર, તા.૧૫

ચાંદખેડા વિસ્તારમાં સ્થિત સીબીએસઇ સ્કૂલમાં વિદ્યાર્થી ડ્રગ્સની પડીકી લઇને આવ્યાની વાતથી હાહાકાર મચી ગયો છે. વાલીઓમાં પણ ચિંતાના વાદળો ઘેરાયા છે જો તંત્ર આ મામલે સજાગતા નહીં દાખવે તો ગંભીર પરિણામો ભોગવવા તૈયાર રહેવું પડશે મામલો સોશિઅલ મિડીયામાં વાઇરલ થતા જિલ્લા શિક્ષણાધિકારીએ સ્થળ તપાસ કરી હતી આ દરમિયાન માધ્યમિક વિભાગના વિદ્યાર્થી પાસેથી ડ્રગ્સ નહીં પરંતુ રૂપિયા ૧૨ હજારની રોકડ મળી આવ્યા હોવાની હકીકત પણ સામે આવી છે

પોદાર ઈંગ્લીશ સ્કૂલમાં ધોરણ ૧૧માં અભ્યાસ કરતા વિદ્યાર્થી પાસે નશીલા ડ્રગ્સની પડીકી મળી હોવાની વાત સોશિઅલ મીડિયાના માધ્યમથી ધ્યાને આવી હતી. શાળા અમદાવાદ મહાનગર પાલિકા વિસ્તારની હદમાં આવેલી આ શાળા ગાંધીનગર જિલ્લા શિક્ષણ તંત્રના તાબામાં છે ફોન દ્વારા આ સ્કૂલમાં ડ્રગ્સની વાતે પૂછપરછ થવાના પગલે જિલ્લા શિક્ષણાધિકારી ડૉ. ભરત વઢેર દ્વારા ટીમને મોકલીને તપાસ કરવામાં આવી હતી શિક્ષણાધિકારીએ આ અંગે જણાવ્યું હતું કે કોઇ વિદ્યાર્થી પાસેથી ડ્રગ્સ કે કોઈ નશીલો પદાર્થ મળ્યો ન હતો પરંતુ એક બાળકની બેગમાંથી રૂપિયા ૧૨ હજારની રોકડ મળી આવતાં તેના વાલીને બોલાવીને આચાર્યની હાજરીમાં આ રકમ વાલીને સોંપી દેવામાં આવી હતી.

ગાંધીનગર અને અમદાવાદમાં મોટા ગજાની શાળાઓ આસપાસ ડ્રગ્સની હેરાફેરી સાથે આજની યુવાપેઢીમાં આ દુષણ પાંગરી રહ્યું હોવાનો રોષ પ્રબળ બની રહ્યો છે આવા સંજોગોમાં વિદ્યાર્થીનું નામ ઉછળતા વાલીઓ ચિંતામાં મુકાઇ ગયા હતાં. એવી વાત પણ ચર્ચા સ્થાને છે કે શાળા સંચાલકો દ્વારા આ મુદ્દે આકસમિક તપાસ કરવામાં આવી ત્યારે વિદ્યાર્થીના કબ્જામાંથી ડ્રગ્સની પડીકીની સાથે ઇ સિગારેટ અને રૂપિયા ૨ લાખની રોકડ મળી હતી. ચોંકી ઉઠેલા સંચાલકો દ્વારા બાળકના વાલીને બોલાવીને અન્ય શાળામાં પ્રવેશ મેળવી લેવાનું કહીને મામલો સંકેલવાનો પ્રયાશ પણ કરાયો છે જો કે બાળકોને આ મુદ્દે કડક ચેતવણી પણ અપાઇ હોવાથી વાત વાલીઓ સુધી અને બાદમાં સોશિયલ મિડીયામાં વહેતી થઇ હતી.

પરંતુ જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા આ વાતને સમર્થન અપાયું નથી. તેમણે કહ્યું કે એક વિદ્યાર્થી પાસેથી રૂપિયા ૧૨ હજારની રોકડ મળી હતી. શૈક્ષણિક વર્તુળમાં આ મુદ્દો આજે ચર્ચા સ્થાને રહ્યો હતો.

ગુજરાત ઈન્ફોર્મેન્ટીક્સ લિમિટેડ કંપની માટે સુકા મેવાના પેક બોક્ષ ૧ કિલો માટે રસ ધરાવતી પાર્ટીઓ પાસેથી બંધ કવરમાં તારીખ ૧૮.૧૦.૨૦૨૨ ના બપોરના ૧૨:૦૦ વાગ્યા સુધી ભાવ મંગાવવામાં આવે છે. ભાવ પત્રકનો નમુનો કંપનીની કચેરીએ ઉપલબ્ધ છે. (સૂકા મેવાનો નમુનો કવરમાં મુકવો)

ગુજરાત ઈન્ફોર્મેન્ટીક્સ લિમિટેડ
કર્મયોગી ભવન, બ્લોક ૨, બીજો માળ, સેક્ટર-૧૦,બી,ગાંધીનગર




Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com